ક્રમાંક:કવટ/ફાજલ/૦૯-૧૦/૧૮૪૨૬-૧૯૭૮૨
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક નં.૧૨/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તારીખ :– ૧૮/૦૯/૨૦૦૯

**પરિપત્ર** :–

વિષય :– બિન સરકારી અનુદાનિત કોલેજોમાં સને:૨૦૦૯–૧૦ ના કાર્યભારના આધારે ફાજલ થયેલ અધ્યાપકોને અન્ય બિન સરકારી કોલેજોમાં સમાવવા માટે આયોજીત કરેલ કેમ્પ બાબત.

સંદર્ભ :– શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર.NOC/૧૦૩/૬૩૧/ખ/તા.૮/૪/'૦૩

આથી બિન સરકારી અનુદાનીત કોલેજોના તમામ આચાર્યશ્રીઓને જણાવવાનું કે , વિનયન, વાણિજય, વિજ્ઞાન, કાયદાની તથા શિક્ષણ શાસ્ત્રની કોલેજોના સને:૨૦૦૯–૧૦ના કાર્યભારના આધારે ફાજલ–અલ્પ કાર્યભાર ધરાવતા અધ્યાપકોને ઉપરોકત સંદર્ભ અન્વયેના શિક્ષણ વિભાગના ઠરાવ અન્વયે કાર્યભાર ધરાવતી બિન સરકારી અનુદાનિત કોલેજોમાં સમાવવા માટેના કેમ્પનું આયોજન અત્રેની કચેરીમાં નીચેની વિગતે કરવામાં આવેલ છે.

| ક્રમ | વિદ્યા શાખા | તારીખ – સમય | વિષય |
|---|---|---|---|
| ૧ | વિજ્ઞાન શાખા | ૨૨/૯/૦૯,<br>સવારે ૧૦–૦૦ કલાકે | રસાયણશાસ્ત્ર<br>વનસ્પતિશાસ્ત્ર<br>આંકડાશાસ્ત્ર<br>કોમ્પ્યુટર સાયન્સ |
| ૨ | વિજ્ઞાન શાખા | ૨૩/૯/૦૯,<br>સવારે ૧૦–૦૦ કલાકે | ભૌતિકશાસ્ત્ર<br>પ્રાણીશાસ્ત્ર<br>ગણિત<br>માઈક્રોબાયોલોજી<br>ભૂસ્તરશાસ્ત્ર |
| ૩ | વાણિજય તથા અન્ય વિદ્યા શાખા | ૨૪/૯/૦૯,<br>સવારે ૧૦–૦૦ કલાકે | કોમર્સ–એકા.<br>કાયદાશાસ્ત્ર<br>અર્થશાસ્ત્ર<br>બીઝનેશ લો<br>બીઝનેશ મેનેજમેન્ટ<br>બીઝનેશ મેથ્સ<br>બી.બી.એ.<br>હોમ મેનેજમેન્ટ |

| | | | |
|---|---|---|---|
| ૪ | વિનિયન શાખા | ૨૫/૯/૦૯,<br>સવારે ૧૦–૦૦ કલાકે | ગુજરાતી<br>હિન્દી<br>સંસ્કૃત<br>અંગ્રેજી<br>પ્રાકૃત<br>પર્શીયન |
| ૫ | વિનિયન શાખા | ૨૬/૯/૦૯,<br>સવારે ૧૦–૦૦ કલાકે | માનસશાસ્ત્ર<br>ભૂગોળ<br>તત્વજ્ઞાન<br>રાજયશાસ્ત્ર<br>ઈતિહાસ<br>સમાજશાસ્ત્ર<br>અર્થશાસ્ત્ર<br>ડીફેન્સ સ્ટડી |
| ૬ | શિક્ષણશાસ્ત્ર | ૨૯/૯/૦૯,<br>સવારે ૧૦–૦૦ કલાકે | શિક્ષણશાસ્ત્રના વ્યાખ્યાતા,<br>શારીરિક શિક્ષણ |
| ૭ | કાયદાશાસ્ત્ર | ૩૦/૯/૦૯,<br>સવારે ૧૦–૦૦ કલાકે | કાયદાશાસ્ત્રના વ્યાખ્યાતા |

આ કેમ્પમાં સંબંધિત બિન સરકારી અનુદાનિત કોલેજના આચાર્યશ્રી/મંડળ ધ્વારા નિયમાનુસાર ફાજલ થતા અધ્યાપકોને ફાજલ જાહેર કરી ઉપરોકત સમય પત્રક અંગે તેઓને આપની કક્ષાએથી જાણ કરી તમામ આધારો સાથે ઉપર જણાવેલ ફાજલ અધ્યાપકોને જે તે વિષયના કેમ્પના દિવસે સમાવવા કેમ્પમાં ફાજલ અધ્યાપક સાથે હાજર રહેશો. જો આ બાબતે કોઈ પણ પ્રકારની ક્ષતિ થશે તો તે અંગે સંબધિત કોલેજના આચાર્યશ્રીની તથા મંડળની સમગ્ર જવાબદારી રહેશે.

વહીવટી અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

**<u>નકલ રવાના જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ</u> :–**

૧) પ્રમુખ/મંત્રીશ્રી, સંબંધિત કોલેજ,

૨) આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત કોલેજો તમામ, ગુ.રા.,

**<u>નકલ રવાના જાણ સારૂ</u> :–**

૧) નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ.,નવા સચિવાલય, ગાંધીનગર.